જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૮/૨૦૧૪ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૬/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી ૫૮ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૭/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૧૯૭૮/૧૪

તા.૩૧/૭/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરૂધ્ધ ૧૦૫૨૬ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૫,૭૫,૬૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૪૧ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૧૧૭ વાહનો ટો કરી રૂપિયા ૬,૮૭૫/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦૩ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦૩ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૦ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. વગર હેલ્મેટનાં ૫૦૬૪ કેસ કરી રૂપિયા ૨,૫૩,૨૦૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૩૧/૭/૧૪ સુધીમાં કુલ ૧૯,૧૪,૩૪૮ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૦,૮૪,૯૫,૯૨૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૭૯/૧૪

**ખોખરાઃ** મનુભાઈ મગનભાઈ બામણીયા (રહે.નાજરેટ કોલોની સિયોનનગર પાસે મણીનગર) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગીતાબહેનની ચાલી પાસે પાર્ક કરેલ સ્કુલ બસ અજાણ્યો પુરૂષ ચોરી કરી લઈ જતા તા.૩૧/૭/૧૪ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે માર્શલભાઈ ક્લેમેન્ટ ક્રિચ્યન અને રવિ ઉર્ફે નટીયો રમેશભાઈ મરાઠી (બન્ને રહે.ગીતાબેનની ચાલી ખોખરા) એ બસની ચોરી કરનાર ચોરને પકડી માર મારતા તેનુ મૃત્યુ નિપજયું છે. આ અંગે ખોખરા પોલીસે ખુનનો ગુનો દાખલ કરી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ બી ઠાકોર ચલાવે છે.

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૧૯૮૦/૧૪**

**ઘાટલોડીયાઃ** શૈલેષભાઇ નાનજીભાઇ રબારી (રહે.વસંતનગર ટાઉનશીપ સોલા) એ તા ૩૧/૭/૧૪ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૨૭/૭/૧૪ સાજના ૭/૩૦ વાગ્યાના ૭/૪૫ વાગ્યા દરમ્યાન ભુયંદેવ ચાર રસ્તા પાસે આવેલ અંબાજી માતાના મંદીર પાસેથી પોતાનો એપલ કંપનીનો ફાઇવ એસ મોડલનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જગતસિહ લક્ષ્મણસિહ ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૯૮૧/૧૪**

**શહેરકોટડા :** ગૌતમભાઇ કાલુભાઇ યાદવ (રહે.કોમ્પ્લેક્ષનાં ભોંયરામાં, વિઠ્ઠલનગર ચાર રસ્તા પાસે, સિવીલ હોસ્પીટલ પાસે, શાહીબાગ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૭/૧૪ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે મેમ્કો ચાર રસ્તા પેટ્રોલપંપની પાસે ત્રણ અજાણ્યા પુરૂષ ગૌતમભાઇને ધમકી આપી તેમનો તથા તેમના ભાઇનો મોબાઇલ તેમજ રોકડ રૂપિયા ૧૪,૫૦૦/- લઇ જઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૨/૧૪**

**મેઘાણીનગરઃ (૧)** કિશનભાઈ પ્રેમાભાઈ મારવાડી (ઉ.વ.૪૦) (રહે.રામચંદ્ર કોલોની ટેકરા ઉપર ચમનપુરા મેઘાણીનગર) તા.૩૦/૭/૧૪ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઈલેક્ટ્રીક મીટરને હાથ અડી જતા કરંટ લાગ્યો હતો. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સાંજના ૭/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ભલાભાઈ લાલાભાઈ ચલાવે છે.

**દિવાલ પડતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯૮૩/૧૪**

**(૨)** રિષભ ઉર્ફે સોનુ ઘનશ્યામ યાદવ (ઉ.વ.૧૬) (રહે.ડીફેન્સ કોલોની ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૩૧/૭/૧૪ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક દીવાલ પાસે ઉભો હતો ત્યારે દીવાલ પડી જતા ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જવામા આવ્યો હતો જયાં તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ દલપતસિહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૯૮૪/૧૪**

**ઓઢવ :** રતનબહેન મહેશભાઇ દવે(ઉ.વ.૫૫)(રહે.ઇન્દીરાનગરનાં છાપરાં, જીવનજ્યોત ચાર માળિયા પાછળ, ઓઢવ) તા.૩૦/૭/૧૪ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે પ્રાયમસમાં કેરોસીન પુરતા હતા દરમ્યાન કેરોસીન સાડી ઉપર પડતાં પ્રાઇમસ ચાલુ કરતાં સાડીને આગ લાગતાં શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતનાં ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી ડી.કે.ગામીતી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> **<u>સમાચાર યાદી નં.૧૯૮૫/૧૪</u>**

**ચાંદખેડા :** તન્વીબહેન વિક્રમભાઇ દવે (ઉ.વ.૨૩)(રહે.કરીશ્મા એવન્યુ, સ્નેહપ્લાઝા પાસે, ચાંદખેડા) એ તા.૩૧/૬/૧૪ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે કોઇ કારણસર પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સત્યમેવ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં રાતનાં ૯/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.